PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૫/કવા–૦૪/૧૭–૧૮/ 3231 તા. 19.04.18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
સમા સતારભાઈ સુલેમાનભાઈ,
ખોડિયાર નગર – ૫,
એસ.ટી. વર્કશોપ પાછળ,
ગોંડલ રોડ – રાજકોટ
મો: ૯૮૯૮૬૭૧૬૭૨, ૯૯૨૫૧૩૮૭૦૧

વિષય :–નવુ થ્રીફેઈઝ ઔદ્યોગીક જોડાણ મેળવવા
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૨–૦૨–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૪૫/કવા–૦૪/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વાવડી (અર્બન) પેટા વીભાગીય કચેરી, રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૪૫/ક્વા–૦૪/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૦૫–૦૪–૧૮ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: સમા સતારભાઈ સુલેમાનભાઈ, ગામ: રાજકોટ**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી સમા સતારભાઈ સુલેમાનભાઈ હાજર રહેલ હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : વાવડી (અર્બન) પેટા વીભાગીય કચેરી, રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)**

**રજુઆત કરનાર :એચ.બી.પરમાર – કાર્યપાલક ઈજનેર શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ**

## : હુકમ :

**ફરીયાદ : નવુ થ્રીફેઈઝ ઓર્ધોગીક જોડાણ મેળવવા**

## મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓએ ગોંડલ રોડ – રાજકોટ ખાતે ના – ''દિનદયાલ નગર પાસે, મારૂતિ ગૃહ ઉર્ધોગ પાસે, ટી.બી. હોસ્પીટલ ની સામે ''– અત્રે જણાવેલ સરનામા પર – તા.૦૫–૧૦–૧૭ ના રોજ નવુ થ્રીફેઈઝ ઓર્ધોગીક જોડાણ માંગેલ હતુ. જેના ભાવપત્રક ની રકમ તા.૨૯–૧૧–૧૭ ના રોજ ભરપાઈ કરી દીધેલ. તેમજ કરારનામુ અને ટેસ્ટ રીપોર્ટ ની રકમ પણ ભરપાઈ કરી આપેલ. તેઓને આજદિન સુધી જોડાણ મળેલ નથી. અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

## મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | • (૧) અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી સમા સતારભાઈ સુલેમાનભાઈ દ્વારા તા.૦૫–૧૦–૧૭ ના રોજ નવુ થ્રીફેઈઝ ઓર્ધોગીક વીજજોડાણ મેળવવા માટે અરજી ની નોધણી કરાવેલ – જે અન્વયે – વાવડી (અર્બન) પેટા વીભાગીય કચેરી – દ્વારા તા.૨૮–૧૧–૧૭ ના રોજ – બી–કેટેગરી નુ ભાવપત્રક અપાયેલ. જે અરજદાર દ્વારા તા.૨૯–૧૧–૧૭ ના રોજ ભરપાઈ કરાયેલ. ત્યારબાદ, સદર વીજ જોડાણ ને રીલીઝ કરવા માટે ની મંજુરી મેળવવા માટે – વિભાગીય કચેરી મા કેસ ફાઈલ ને મોકલવામા આવેલ. જે વિભાગીય કચેરી ની ચકાસણી દરમ્યાન – અરજદાર દ્વારા વીજ જોડાણ માંગેલ છે, તે જગ્યા સુચિત હોવાનુ જણાવાયેલ છે, પરંતુ, સદર જગ્યા ઉપર – હાલમા અઘાટ દસ્તાવેજથી જોડાણ મેળવવા માટે ની રજુઆત થયેલ હોય – જેથી તે મુજબ ની જણાયેલ ક્ષતિઓ પૂર્તતા કરવા માટે – પેટા વિભાગીય કચેરી મા પરત મોકલવામા આવેલ. જે અન્વયે – અરજદાર પાસેથી ક્ષતિઓની પૂર્તતા કરવા માટે – જરૂરી દસ્તાવેજીક પેપર્સ રજુ કરવા માટે અનુક્રમે પેટા વિભાગીય કચેરી ના પત્ર તા.૧૯–૧૨–૧૭ અને તા.૨૦–૦૨–૧૮ થી જાણકારી અપાયેલ.<br>• (૨) પરંતુ, અરજદાર દ્વારા જરૂરી પુરાવા રજુ કરવામા ન આવતા – પેટા વિભાગીય કચેરી ના પત્ર તા.૦૧–૦૩–૧૮ થી અરજદાર ની માંગણી મુજબ – સદર જગ્યા સુચિત ન ગણી શકાય. આમ, તેઓની અરજી રદબાતલ કરાયેલ છે, તેમ જણાવેલ.<br>• (૩) વધુમા – વિભાગીય કચેરી ના પત્ર તા.૦૬–૦૪–૧૮ ના રોજ – અરજદાર દ્વારા જમીન ની માલીકી હકક અંગેના દસ્તાવેજીક પેપર્સ રજુ કરવા જણાવેલ, પરંતુ – અરજદાર દ્વારા ફકત સોગંદનામુ રજુ કરેલ – પરંતુ, દસ્તાવેજીક પેપર્સ રજુ કરાયેલ નથી. જેથી, વાવડી (અર્બન) પેટા વીભાગીય કચેરી – રાજકોટ ના પત્ર તા.૨૨–૦૩–૧૮ થી સબરજીસ્ટાર કચેરી ખાતે – અરજદાર ની અરજી મા જણાવ્યા મુજબ ના સર્વે નંબર, |

| | |
|---|---|
| | પ્લોટ નંબર અને જમીન ની માલીક નુ નામ અંગેની માહિતી માંગેલ. જે સંદર્ભે સબરજીસ્ટાર કચેરી ના કોઠારીયા સર્વે નંબરઃ ૩૫૨ પૈકી (કોઠારીયા ઘાટ) અઘાટ ના પ્લોટ નં.–૭૭ ની માલીકી અંગે ના પુરાવા રૂપે – દસ્તાવેજીક પેપર્સ ની નકલ મુજબ – (૧) મણીબેન ગોરધનભાઈ (૨) ગોરધનભાઈ રણછોડભાઈ ની સંયુકત માલીકી ની છે. જેથી, અરજદાર શ્રી સમા સતારભાઈ સુલેમાનભાઈ એ માંગેલ વીજ જોડાણ વાળી જમીન – તેઓના ખાતે નથી / માલીકી ની નથી – તેમ સાબીત થાય છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના વિભાગ –૦૪ ના નવા વીજ જોડાણ મેળવવા માટે – અરજદારે મુદદા નં. ૪.૧૨ મા કરાયેલ જોગવાઈ મુજબ – '' નવા જોડાણ માટે ના અરજીપત્રક ની સાથે અરજદારે ફોટોગ્રાફ, અરજદાર ની ઓળખ સાબિતી કે અરજદાર ની માલીકી ની સાબીતી કે જેના માટે નવુ જોડાણ માંગેલ હોય – તે જગ્યા પર કાયદેસર નો કબ્જો, અરજદાર ના હાલ ના સરનામાની સાબિતી અને ખાસ કેઈસો મા – સ્પ્લાયકોડ ના મુદદા નં. ૪.૧૫ થી ૪.૨૦ મા આપેલી વિગતો મુજબ ના કેટલાક બીજા દસ્તાવેજીક પેપર્સ જોડવાના રહેશે.'' આમ, અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ ના પેટા મુદદા નં. (૧) થી (૩) મુજબ ની વિગતે અરજદાર ની માંગણી મુજબ ની સદર જગ્યા સુચિત ન હોય – તેમજ અરજદાર ની માલીકી ની પણ ન હોય – જેથી અરજદાર ને તેમની માંગણી મુજબ ની જગ્યાએ પીજીવીસીએલ દ્વારા જોડાણ આપી શકાય નહી. જેથી, અરજદાર ની સદર અરજી ગ્રાહય રાખવામા આવતી નથી. તે બાબત ની જાણકારી બન્ને પક્ષકારો ને આપવા બાબતે નો – સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે ની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(એન.ડી.ધામેલીયા)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.